**SEAT No.**__________ **No. of Printed Pages : 02**

[27]

# SARDAR PATEL UNIVERSITY

## M.A. SEM-1 EXAMINATION

**Saturday /12-2 -2022/ Time: 09: 00 a.m. to 11:00 a.m.**

**Subject code: (PA01CGUJ52) Aadhunik Gujarati Sahitya**

.........................................................................................................

Total Marks-70

પ્રશ્ન-1 વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. (ગુણ-08)

1. નીચેનામાંથી કયું લક્ષણ આધુનિક સાહિત્યનું નથી?

અ) અમાનવીયકરણ બ) એલિયનેશન

ક) અતીતરાગ ડ) બાહ્યવાસ્તવનું આલેખન

2. 'The Struggle of the Modern' પુસ્તકમાં 'આધુનિક' અને 'સમકાલીન' વિશેનો વિચાર કોણે આપ્યો?

અ) એલિયેટ બ) ઓર્તેગા ક) સ્ટિફન સ્પેન્ડર ડ) ઇરવિન હો

3 નીચેનામાંથી કયા વાર્તાકારની વાર્તા પરંપરાગત શૈલીમાં છે?

અ) કિશોર જાદવ બ) પન્નાલાલ પટેલ ક) મધુ રાય ડ) સુરેશ જોષી

4. નીચેનામાંથી કઈ વિગત અસંગત છે? તે જણાવો.

અ) આધુનિક કવિતા , અંગત , રાવજી પટેલ

બ) આધુનિક વાર્તા , અથવા , ગુલામ મોહમ્મદ શેખ

ક) આધુનિક નવલકથા , ચહેરા , મધુ રાય

ડ) આધુનિક નાટક, પીળું ગુલાબ અને હું , લાભશંકર ઠાકર

5. નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાન ૧. 'બાથટબમાં માછલી' એકાંકીમાં જીવનનો ઉલ્લાસ પ્રતીકાત્મક રીતે રજૂ થયો છે.

વિધાન ૨. 'હું પગલો છું' માં સ્વ-ઓળખની મથામણ છે.

અ) બન્ને વિધાનો ખોટાં છે. બ) વિધાન-૧ સાચું અને ૨ ખોટું

ક) વિધાન-૧ ખોટું અને ૨ સાચું ડ) બન્ને વિધાનો સાચાં છે.

6. 'લીલાનાટ્ય'ના પ્રયોગો કઈ સંસ્થા હેઠળ થયા હતા?

અ) આકંઠ બ) સાબરમતી ક) રે મઠ ડ) આકંઠ સાબરમતી

P.T.O.

7. 'કામરુદેશની રાણીની આંખમાંથી મોતીની વર્ષા વરસે છે. એ ઝીલું નહીં ત્યાં સુધી એ વૃષ્ટિ અટકે એમ નથી'- આ વાક્ય કઈ વાર્તાનું છે.

અ. લોહનગર

બ. પ્રત્યાખ્યાન

ક. થીંગડું

ડ. ગૃહપ્રવેશ

8. નીચેની યાદીને આધારે યોગ્ય યુગ્મ રચો.

| યાદી-૧ | યાદી-૨ |
| --- | --- |
| ૧. ગૃહપ્રવેશ | 1. ક્ષયગ્રસ્ત સંસ્કૃતિ |
| ૨. કુરુક્ષેત્ર | 2. પડછાયો |
| 3. વર્તુળ | 3. કાચબાનું પ્રતીક |
| ૪. રાક્ષસ | 4. ક્રાનસનું પ્રતીક |

અ) ૧-2 ૨-3 3-4 ૪-1 બ) ૧-3, ૨-4 3-2 ૪-1

ક) ૧-4 ૨-1, 3-2 ૪-3 ડ) ૧-2 ૨-4, 3-3, ૪-1

પ્રશ્ન-2 નીચેનામાંથી કોઈ બે વિશે વિસ્તારથી ઉત્તર લખો. ( ગુણ : 40 )

1) 'આધુનિકતા'ની વિભાવના સ્પષ્ટ કરી આધુનિક ગુજરાતી સાહિત્યની સિદ્ધિ-મર્યાદા જણાવો.

2) આધુનિક સાહિત્યને ઘડનારાં વૈશ્વિક અને ભારતીય પરિબળો અને લક્ષણો જણાવો.

3) 'માનીતી અણમાનીતી' સંગ્રહની વાર્તાઓની ભાવસંવેદન અને અભિવ્યક્તિરીતિ સંદર્ભે સમીક્ષા કરો.

4) વિનોદ અધ્વર્યુ સંપાદિત 'આધુનિક એકાંકી સંચય ભાગ – ૨'ના આધારે આધુનિક ગુજરાતી એકાંકીઓની વિશેષતા અને મર્યાદા જણાવો.

પ્રશ્ન: 3 નીચેનામાંથી કોઈ બે વિશે ટૂંકનોંધ લખો. ( ગુણ : 22 )

1) આધુનિક ગુજરાતી સાહિત્યને ઘડનારાં પરિબળો અને લક્ષણો

2) આધુનિક ગુજરાતી કવિતા

3) 'થીંગડું' વાર્તાની સમીક્ષા

4) 'હુકમ, માલિક' એકાંકીની સમીક્ષા

——x——